॥ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

"અમૃત વચન"
જો માનવ નાશવાનમાંથી સુખ લેવાનું છોડી દે, તો તેને અવિનાશી સુખ પ્રાપ્ત થતાં વાર નથી લાગતી.

Published Day : Wednesday
Price : 2 /-

# પદ્મ પ્રકાશ કુંજ

PRESS REGISTRAR GENERAL OF INDIA (PRGI)
Registration Number
GJGUJ/25/A2764

Annual Subscription
Price : 100 /-

Mob : 9499797973 - Email : padmaprakashkunj@gmail.com - Year : 01, Issue: 37, Dt. 15/07/2026, Page : 8

Padm PrakashKunj (Weekly) - Editor, Publisher, Printer & Owner : Doshi Saurabh Pradipbhai , Place Of Publication : Office - 1, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 364515 - Dist : Amreli Gujarat, Printed At : Prakash Printers Office 2, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 3645154 Dist : Amreli Gujarat

# નદીઓ પુરપાટ વહી રહી છે પણ એમાં ધુબકા મારનારા ક્યાં ખોવાઈ ગયા...?

## ઘર આંગણે નળ આવ્યા, એટલે ઘટ, પનઘટ અને નદીને માણસ જાતે પડતા મેલ્યા ! એમાંથી જ તો માણસ હવે મા-બાપનેય પડતા મેલતા શીખી ગયો.....!

તંત્રી સ્થાનેથી...
સૌરભ પી. દોશી
તંત્રી, પદ્મ પ્રકાશ કુંજ

શરદ ઋતુ સોળેય કળાએ ખિલી છે અને હવે એનો અંત નજીક છે. હેમન્તના પવનો શરૂ થયા છે. આ ઋતુઓનો સન્ક્રાન્તિકાળ છે. એક આખો યુગ વીતી ગયો અને સમય છાને પગલે ક્યાં સરી ગયો એની સૌરાષ્ટ્રને ખબર જ ન રહી. ઘણાં વરસો પછી સૌરાષ્ટ્રની તમામ નદીઓ બે કાંઠે પુરપાટ વહી રહી છે. આ નદીઓમાં પાછલી પેઢીઓના ધુબકા મારતા બાળપણ વહી ગયેલા છે. ક્યાંક પોતાના ને ક્યાંક ઉપરવાસના પાણીથી નદીયું જોબનવંતી થઈ છે જાણે કે વિક્રમના સિંહાસનની બત્રીસ પુતળીઓ એક પછી એક સજીવન ન થાતી હોય ! સાવ વેરાન પડેલી માલણને જ જુઓ... અત્યારે તો બેય કાંઠે ઘૂઘવાટા કરે છે. શેત્રુંજી એના ઉપરવાસે તો આંખમાં સમાય નંઈ એવી તોફાની દેખાય છે.

ગીરના જંગલની મચ્છુન્દ્રી અને હિરણ તો એની પથરાળ ભોમકાને કારણે ઉલ્લાળા મારતી વહે છે. નદી એની યાત્રા આરંભે છે પહાડી પિતાના ખોળેથી અને પહોંચે છે સાગરરાજને પરણવા... પણ એની ગતિને નિંરાતેથી નિરખો તો આ તહેવારોની મોસમમાં તો એમ લાગે કે જાણે સાસરિયેથી આઠમ કરવા પિયરવાટે ન જતી હોય ! પિયર જતી પરણેતરના પગલે પગલે જે ઉમંગ હોય છે એ ઉમંગ એના પગલાની ચપટીક ધૂળ લઈને માણસજાતે તિલક કરવા જેવો હોય છે. એ ઉમંગની એક ઝલક જો જીવતરમાં આવી જાય તો ભવ પાર થઈ જાય. ઉમંગ જિંદગીનું પરમ રસાયણ છે અને ચોમાસાની નદીઓનું તો એ પ્રાણતત્ત્વ છે.

નદીઓના સૌન્દર્ય અને એની દેહયષ્ટિની એક અલગ દુનિયા છે. નદીઓનું અંત:કરણ એના ધુના છે. હવે તો નદીઓ જ બારમાસી રહી નથી તો ઊંડા ધુનાની તો વાત જ ક્યા છે ? ધુનામાં ન્હાવું એ કંઈ જેવાતેવાનું કામ નંઈ. હરિનું અને ધુનાનું બેયનું તો પરથમ પહેલા મસ્તક મૂકી વળતાં લેવું નામ જેવું છે. એક તો તળ ન દેખાય એટલું ઊંડાણ હોય. પછી એમાં વળી કોતરો ને ભેખડો હોય. જાણભેદુ તરવૈયો ન હોય તો ભેખડમાં પગ ભરાઈ જાય અને ત્યાં જ જિંદગી પૂરી થઈ જાય. ધુનામાં બારેય માસ ઊંડા પાણી હોય એટલે એના કાંઠાના ઝાડવા ઘટાટોપ ફાલ્યા હોય. એની વળી કેટલીક ડાળ તો ધુના પર જ ઝૂકી હોય. એ ડાળીઓય થડ જેવી હોય. સાહસિક છોકરાવ એ ડાળીએ ચડીને ધુનામાં ડૂબકી મારે. કેટલાક ધુનાઓના નામ મઘરિયા ધુના હોય. એટલે એમાં એક-બે મગર રહેતા હોય. એવા મઘરિયે જાવું ને ધુબકે ધુબકે ન્હાવું એ તો સ્વર્ગાધિક સુખ આપનારું સાહસ છે.

નદીએ બાળકને પહેલીવાર તો મા જ લઈ જાય. શેરીમાં ને ગામના ચોકમાં ને એમ જગતનું દર્શન સૌથી પહેલાં પિતા જ કરાવે પણ નદીએ તો બા લઈ જાય અથવા ફઈબા લઈ જાય. ઘરનું કામ કરવાનું ને બાળકને સાચવવાનું. એટલે નદીએ મા કપડાં ધોવા જાય ત્યારે આંગળીએ બાળકને પણ લઈ જાય. કાંઠાના છીછરા પાણીમાં બાળક છબછબ કરે ન કરે ત્યાં તો કપડાંની ધોણ્ય પૂરી થઈ જાય. ત્યાંથી માતાના સંસ્કારો સાથે લોકમાતાના સંસ્કારોનો પ્રવાહ સંમિલિત થાય તે પછી આજીવન ચાલે. અનેક ગામડાંઓમાં સ્મશાન નદીને સામે કિનારે સહેજ દૂર હોય. મૃતકોને અગ્નિસંસ્કાર આપીને પછી નદીએ ન્હાયા પછી જ બધા ઘરે આવતા.

આજેય અનેક પ્રકારની શ્રાદ્ધવિધિઓ નદીકાંઠે થાય છે એનું મૂળ કારણ નદીઓના સામા કાંઠે રચાયેલા સ્મશાનોની પરંપરા છે. એ જુના જમાનામાં પણ નદીઓમાં કોઈ પદાર્થ વહેતા મૂકાતા નહિ, કારણ કે ગામેગામ લોકો નદીકાંઠે જ હોય. પશુપાલકો કાંઠાના ઝાડ નીચે વિસામો લેતા અને એના પશુઓ આસપાસની ટેકરીઓ અને ચરવાણમાં ફરતા ફરતા ચરતા. નદીનું પાણી જ બધા ગામના પાણિયારે પહોંચીને પીવાતું રહેતું એટલે નદીની શુદ્ધિ સહુ સ્વયમેવ જાળવતા.માણસજાતે જરાક સગવડ મળી કે કુદરતનો હાથ છોડાવી લીધો, જેમ મેળામાં તોફાની બાળક માની આંગળીએથી સરકી જાય એમ. એસીની ઠંડક મળી કે તરત જ આથમણા બાર અને બારી પડતા મેલ્યા. વગડામાંથી આવતા લીલી ટાઢકવાળા પવનની હવે એને શું પડી હોય ? સાયકલ આવી કે તરત ઘોડા પરથી માણસ નીચે ઉતરી ગયો.

જે ઘોડાએ એને હજારો વરસોનો સાથ આપ્યો અને દુર્ગમ પહાડોય પાર કરાવીને નવખંડ ધરતીમાં રમતો કર્યો એ માણસે એ જ ઘોડાને પડતો મૂકી દીધો. ઘર આંગણે નળ આવ્યા, એટલે ઘટ, પનઘટ અને નદીને પણ પડતા મેલ્યા ! એમાંથી જ તો માણસ હવે મા-બાપનેય પડતા મેલતા શીખી ગયો.નદીને માણસે સાથે રાખવા જેવી હતી. અને માણસજાતે જો ધાર્યું હોત તો સાવ સહજ પ્રયાસે ભારતની બધી જ નદીઓ બારેય માસ વહેતી હોત.

હવે તો એ પરિસ્થિતિ દૂર દૂરના ભવિષ્યમાં પણ સંભવ નથી. દક્ષિણ ભારતના કેટલાક સાધુ પુરુષોએ આજકાલ દેશની તમામ નદીઓને સજીવન કરવાની નેમ ઉપાડી છે પરંતુ એનાથી વિરાટ ભારતનું ઠેબે ચડી ગયેલું લોકહૃદય કેમ કરીને નદી તરફ પાછું ફરશે એ એક કોયડો છે. તોય નદીઓના કાંઠે સાવ અંધારું હતું એમાં કોઈએ દીવો તો કર્યો એટલો તો મહિમા એનો છે. હવે તો નદીઓ કોઈના સપનામાં પણ આવતી નથી. દિવમ્ ગતા: ! આપણા દેશના રાજનેતાઓ અને પ્રજાના હજાર અગ્રતાક્રમોમાં ક્યાંય નદી નથી. એકલી ગંગા જ સ્વર્ગમાંથી અવતરી નથી. દરેક નદી સ્વર્ગમાંથી જ અવતરીને સ્વર્ગીય સુખનો વસુંધરા પર અભિષેક કરતી હતી.

પરંતુ એક વાત એ છે કે નદીઓ કંઈ એમ નામશેષ થઈ જવાની નથી. એના બદલાયેલા રૂપે એ પ્રલયકારી થઈ મન ફાવે ત્યારે આવશે કારણ કે માણસ નદીવિમુખ થયો એનાથી કંઈ આખી ધરતીનું ભૂસ્તર તો બદલાઈ જવાનું નથી. લોકમાતાની વાત્સલ્યધારા હવે વિનાશક વહેણ બને જ છે. એના કારણો ભલે જલ્દી ન જડે પણ આમ નહિ તો તેમ નદી મા છે એટલે માણસજાતને ગળે તો વળગાડશે એમાં ફેર નહિ પડે.

પદ્મ પ્રકાશ કુંજ

## લવાજમ યોજના (સવા વર્ષ)

પ્રિય વાચકો, સત્ય અને સમાચારની સફરમાં તમે હંમેશા અમારી સાથે રહ્યા છો. આજના આ ફેક ન્યુઝના જમાનામાં પણ તટસ્થ અને નિષ્પક્ષ તેમજ સચોટ પત્રકારત્વની આ સફર આગળ પણ સતત ચાલુ રહે તે માટે હવે પદ્મ પ્રકાશ કુંજનું લવાજમ આજે જ ભરો... આપનું આ લવાજમ માત્ર અખબારની કિંમત નથી, પરંતુ નિષ્પક્ષ પત્રકારત્વને આપેલો સહયોગ છે.

ચાલો, સાચા સમાચારની આ સફરમાં ફરી એકવાર સાથે જોડાઈએ.

**લવાજમ સમયગાળો : તા. 15/07/2026 થી 31/10/2027 (સવા વર્ષ)**

**લવાજમ રકમ : માત્ર રૂા. 130/-**

**વિશેષ નોંધ : તા. 15/07/2026 પછી પ્રકાશિત થતા "પદ્મ પ્રકાશ કુંજ"ના અંકો માત્ર લવાજમ ભરનાર વાચકોને જ નિયમિત રીતે આપવામાં આવશે. તેથી વિનંતી છે કે આપ સમયસર લવાજમ નોંધાવી આપનું અખબાર ચાલુ રાખશો.**

KANTILAL DALICHAND DOSHI

આપ આપના લવાજમનું પેમેન્ટ ઉપર આપેલ QR કોડ દ્વારા પણ કરી શકો છો. પેમેન્ટ કરીને મો. 9499797973 ઉપર આપનાપેમેન્ટનો સ્ક્રીનશોટ મોકલી ફોન દ્વારા અમોને જાણ કરવી.

આપનો આ નાનો સહયોગ અમને નિષ્પક્ષ, વિશ્વસનીય અને સ્થાનિક પત્રકારત્વને વધુ મજબૂત બનાવવામાં પ્રેરણા આપશે.

આજે જ લવાજમ નોંધાવી ''પદ્મ પ્રકાશ કુંજ'' પરિવાર સાથે જોડાયેલા રહો અને તમારા વિસ્તારના વિશ્વસનીય સમાચાર નિયમિત મેળવો.

**પદ્મ પ્રકાશ કુંજ પરિવાર**

# ઓપરેશન સુરક્ષિત સાયબર સ્પેસ અંતર્ગત અમરેલીમાં વિદ્યાર્થીઓ માટે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા "ઓપરેશન સુરક્ષિત સાયબર સ્પેસ" અંતર્ગત પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત સાહેબના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે વિદ્યાર્થીઓ માટે સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને હાલના સમયમાં વધી રહેલા સાયબર ગુનાઓ, ઓનલાઈન છેતરપિંડી, ફિશિંગ, OTP ફ્રોડ, સોશિયલ મીડિયા સુરક્ષા, ડિજિટલ પેમેન્ટમાં રાખવાની સાવચેતી તેમજ વ્યક્તિગત માહિતીની સુરક્ષા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓને કોઈપણ શંકાસ્પદ ફોન કોલ, મેસેજ અથવા ઓનલાઈન લિંક પર વિશ્વાસ ન રાખવા તેમજ સાયબર ગુનાનો ભોગ બન્યાની સ્થિતિમાં તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઈન અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી હતી.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવાનો અને સુરક્ષિત ડિજિટલ વ્યવહાર માટે જરૂરી સમજણ વિકસાવવાનો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા કોલેજના પ્રિન્સીપાલ શ્રી તથા પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા તાલુકાના જીરા પ્રાથમિક શાળામાં ડેંગ્યૂ માસ નિમિત્તે મચ્છરજન્ય રોગો અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

ડેંગ્યૂ માસના ભાગરૂપે સાવરકુંડલા તાલુકાના જીરા ગામની પ્રાથમિક શાળામાં મચ્છરજન્ય રોગો અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં જીરા સીમરણના આયુષ મેડિકલ ઓફિસર ડૉ. જયકાંત પરમાર તથા હેલ્થ વર્કર દેવાંગભાઈ ગૌચર દ્વારા વિદ્યાર્થીઓને ડેંગ્યૂ, મેલેરિયા, ચિકનગુનિયા સહિતના મચ્છરજન્ય રોગો અને ગપ્પી ફિશ નો ઉપયોગ તથા મચ્છર નાબુદી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને પોતાના પરિવાર અને આસપાસના લોકોમાં પણ સ્વચ્છતા અને ડેંગ્યૂ નિવારણ અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થી ઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો અને આરોગ્ય વિભાગના માર્ગદર્શનને આવકાર્યું હતું.

# સાવરકુંડલા તાલુકાના જીરા પ્રાથમિક શાળામાં ડેંગ્યૂ માસ નિમિત્તે મચ્છરજન્ય રોગો અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

ડેંગ્યૂ માસના ભાગરૂપે સાવરકુંડલા તાલુકાના જીરા ગામની પ્રાથમિક શાળામાં મચ્છરજન્ય રોગો અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં જીરા સીમરણના આયુષ મેડિકલ ઓફિસર ડૉ. જયકાંત પરમાર તથા હેલ્થ વર્કર દેવાંગભાઈ ગૌચર દ્વારા વિદ્યાર્થીઓને ડેંગ્યૂ, મેલેરિયા, ચિકનગુનિયા સહિતના મચ્છરજન્ય રોગો અને ગપ્પી ફિશ નો ઉપયોગ તથા મચ્છર નાબુદી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને પોતાના પરિવાર અને આસપાસના લોકોમાં પણ સ્વચ્છતા અને ડેંગ્યૂ નિવારણ અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો અને આરોગ્ય વિભાગના માર્ગદર્શનને આવકાર્યું હતું.

# સાવરકુંડલા પોલીસની નવતર પહેલ 177 લિસ્ટેડ બૂટલેગરો અને અસામાજિક તત્વોને બોલાવી આપી કડક ચેતવણી



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવરકુંડલા ડિવિઝનના લિસ્ટેડ બૂટલેગરો, ગંભીર ગુન્હાના આરોપીઓ અને અસામાજિક તત્વોને સમાજના મુખ્ય પ્રવાહમાં પુન:સ્થાપિત કરવા તથા ગુન્હાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાના હેતુથી નવતર પહેલ હાથ ધરવામાં આવી હતી.સાવરકુંડલાના સર્કિટ હાઉસ ખાતે ડીવાયએસપી વિરલ ચંદન સાહેબ ના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં સાવરકુંડલા ટાઉન, સાવરકુંડલા રૂરલ, વંડા અને લીલીયા પોલીસ મથકના પોલીસ ચોપડે નોંધાયેલા લિસ્ટેડ બૂટલેગરો, ગંભીર ગુન્હાના આરોપીઓ તેમજ અસામાજિક તત્વો સાથે સંવાદ યોજાયો હતો.

બેઠક દરમિયાન ડીવાયએસપી વિરલ ચંદન સાહેબે સમાજ અને શહેરમાંથી દારૂની બદી તેમજ અન્ય અનૈતિક અને ગુન્હાહિત પ્રવૃત્તિઓનો અંત લાવવા અંગે સમજણ આપી હતી. સાથે જ પોલીસની ભાષામાં કડક ચેતવણી આપતાં જણાવ્યું હતું કે હવે પછી કોઈપણ પ્રકારની ગેરકાયદેસર કે ગુન્હાહિત પ્રવૃત્તિમાં સંડોવણી સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.તેમણે ઉપસ્થિત લોકોને ગુન્હાખોરીનો માર્ગ છોડીને સમાજમાં જવાબદાર નાગરિક તરીકે જીવન જીવવા, સારા કાર્યો દ્વારા પોતાની ઓળખ ઉભી કરવા અને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાવા અપીલ કરી હતી. આ બેઠકમાં સાવરકુંડલા ટાઉનના 98, સાવરકુંડલા રૂરલના 58, વંડાના 10 તથા લીલીયાના 11 મળી કુલ 177 નોંધાયેલા શખ્સો હાજર રહ્યા હતા. પોલીસ તંત્રનું માનવું છે કે આવા સંવાદ અને માર્ગદર્શન દ્વારા ગુન્હાહિત પ્રવૃત્તિઓમાં ઘટાડો થશે અને સમાજમાં શાંતિ તથા કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનશે.

# જોડુ-કજોડુ અને બીજી વાતો..

ટોમ ક્રૂઝ અને નિકોલ કિડમેન 18 વર્ષ સુધી સાથે રહ્યા હતા. બંને વચ્ચે લગભગ 4 ઈંચનો ઊંચાઈનો તફાવત હતો. ટોમ ક્રુજ નિકલો કરતા ચાર ઈંચ નીચા હતા. બંનેની ઉંચાઈને લઈને લકો ખુબ મજાક કરતા હતા. જ્યારે તેઓ અલગ થયા ત્યારે નિકોલ કિડમેને મજાકમાં કહ્યું હતું કે, "હવે હું હીલ્સ પહેરી શકું છું." કદાચ આ એક સામાન્ય વાત લાગશે, પરંતુ તેમાં એક ઊંડી સામાજિક માનસિકતા છુપાયેલી છે.છોકરા કરતા છોકરી હંમેશા નીચી હોવી જોઈએ, એ જાણે કે વણલીખીત નિયમ હોય તેવુ બની ગયુ છે.


નાવલી લાઈવ
લેખક-મહેન્દ્ર બગડા

ઘણી વાર સ્ત્રીઓને પોતાની ઊંચાઈ, સફળતા કે ક્ષમતાને પુરુષથી ઓછી બતાવવાની અપેક્ષા રાખવામાં આવે છે, કારણ કે સમાજે લાંબા સમયથી એવી માન્યતા બનાવી છે કે પુરુષે સંબંધમાં "ઉપર" હોવું જોઈએ.આ વિચાર પિતૃસત્તા માંથી આવે છે.

શરૂઆતમાં કદાચ તેનો અર્થ માત્ર એટલો હતો કે પુરુષો ઊંચી જગ્યાએ બેસે અને સ્ત્રીઓ નીચે, પરંતુ સમય જતાં તે એક સામાજિક સીડી બની ગઈ જેમાં રાજા સૌથી ઉપર, પછી રાણી, પછી દરબારીઓ... અને આ રીતે દરજ્જાની એક વ્યવસ્થા ઊભી થઈ.એક ઉદાહરણ છે, Prince Philip, Duke of Edinburgh અને Elizabeth IIના લગ્નજીવનમાં પણ આવી માનસિકતા જોવા મળી હતી. ફિલિપને એક વાતનો ખટકો હતો કે તેમના બાળકોના નામમાં તેમનું અટક (Mountbatten) ન હતું. તેમને લાગતું હતું કે પતિ હોવા છતાં તેમને યોગ્ય સ્થાન મળ્યું નથી.પરંતુ સમસ્યા માત્ર નામ કે દરજ્જાની નથી. પિતૃસત્તાની અસર સંબંધોમાં અનેક રીતે જોવા મળે છે.ઉદાહરણ તરીકે ઊંચાઈની વાત કરીએ તો ફ્રાન્સના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ Nicolas Sarkozy પોતાની કરતાં ઊંચી મહિલાઓ સાથે રહ્યા હતા. તેમની પત્નીઓ Ccilia Ciganer-Albniz અને Carla Bruni બંને તેમની કરતાં ઊંચી હતી. સમાજની જૂની માન્યતાઓ પ્રમાણે આ "અસામાન્ય" માનવામાં આવતું, પરંતુ તેમણે તેને અવગણ્યું.

આજે પણ ઘણા લોકો માને છે કે પુરુષ વધુ ઊંચો, વધુ પૈસાદાર, વધુ ભણેલો કે વધુ સફળ હોવો જોઈએ. તેને "પુરુષની શ્રેષ્ઠતા" તરીકે જોવામાં આવે છે.પરંતુ સમય બદલાઈ રહ્યો છે. હવે ઘણી મહિલાઓ શિક્ષણમાં આગળ છે. ઘણી જગ્યાએ પત્ની પતિ કરતાં વધુ ભણેલી હોય છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તે હંમેશા વધુ કમાણી કરતી હોય.અમેરિકાના એક અભ્યાસ મુજબ માત્ર 16 ટકા મહિલાઓ પોતાના પરિવારની મુખ્ય કમાણી કરનાર હોય છે.

એટલે શિક્ષણ અને આર્થિક સ્થિતિ હંમેશા એકસરખી નથી હોતી.લેખના અંતમાં કહેવામાં આવ્યું છે કે સંબંધોમાં ઉંમર, ઊંચાઈ, પૈસા કે સામાજિક દરજ્જા જેવી બાબતો કરતાં સમજણ અને પ્રેમ વધુ મહત્વના છે. જો બંને લોકો એકબીજાને સ્વીકારે તો સમાજની જૂની "પિતૃસત્તાની સીડી" તૂટી શકે છે.

પુરુષને હંમેશા સ્ત્રી કરતાં "ઉપર" હોવું જોઈએ એવી માન્યતા કુદરતી નથી, તે સમાજે બનાવેલી છે. સાચો સંબંધ સમાનતા અને સ્વીકાર પર આધારિત હોય છે.

નોંધ-લેખક પ્રસિદ્ધ ટીવી જર્નાલીસ્ટ અને ટીવી 13 ગુજરાતીના એસોસિએટ એડિટર છે. ટીવી 13 ગુજરાતી પર આવતા ગજબ હો...અને માઈન્ડ વર્સીસ મશિન વીથ મહેન્દ્રના એન્કર છે.

વોટ્સએપ પ્રતિભાવ માટે-9909941536

# અમી ધારા

ૐ તત્વ્યામી બ્રહ્મના વન્દમાન, સતદા શાસ્તે જજમાનો હવિભીહી।

અહેડમાનો વરુણેહ બોધધ્યુરૂશ ગૂ સમાનો આયુહુ પ્રમોખીહિ II.(ઋગ્વેદ વરુણ સૂક્ત).

આપણી પૃથ્વી ઉપર નું જો કોઈ અમૃત હોય તો તે જળ છે.શુધ્ધ,સાત્વિક અને સ્વચ્છ જળ નો મૂળ આધાર વરસાદ છે.જેમ ઋતુઓ માં વસંત ઋતુ ઋતુઓ નો રાજા છે તો વર્ષા ઋતું એ ઋતુઓ ની મહારાણી છે.આપણા ખેતી પ્રધાન દેશ માં વરસાદ નું મહત્વ ખૂબ વિશેષ જોવા મળે છે.દુનિયા ના અન્ય દેશો માં બે જ ઋતુઓ છે.તો આપણા દેશ માં શિયાળો,ઉનાળો અને ચોમાસું એમ ત્રણ ઋતુઓ અને તેમાં આવતા દરેક તહેવારો નું અનેરું મહત્વ હોય છે.

જયાં સુધી વર્ષા ઋતું નો સંબંધ છે તો આ ઋતુ સૂર્ય અને સૂર્ય ક્યાં નક્ષત્રો માં છે તેની સાથે સંબંધ ધરાવે છે.સૂર્ય દરેક નક્ષત્રો માં ચૌદ (14) દિવસ રહે છે.સૂર્ય નો મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશ થી આપણી વર્ષા ઋતું શરૂ થાય છે અને તેના સ્વાતિ નક્ષત્ર માં પરિભ્રમણ સાથે વર્ષા ઋતું પૂર્ણ થાય છે.આ ચાલું વર્ષ વિક્રમ સંવત 2082 માં સૂર્ય નો મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશ તારીખ 08/06/2026 ને અધિક જેઠ વદ આઠમ થી શરૂ થયો.આ અગાઉ ના લેખો માં પણ અધિક માસ વિષે (વધારાના મહિના વિષે) માહિતી આપેલ હતી. આથી આ દિવસ કે તારીખ થી ગણાતા વરસાદ નો પ્રારંભ થવો જોઈએ.આ નક્ષત્ર ની સ્થિતિ જોઈએ તો તેનું વાહન દેડકો હોવાથી આ નક્ષત્ર માં વરસાદ ની શક્યતા નહિવત જોવા મળી.પરંતુ ગત તારીખ 22/06/2026 થી સૂર્ય નું પરિભ્રમણ આદ્રા નક્ષત્ર માં થતા જ ભારત વર્ષ માં વર્ષા ઋતું નું શુભ આગમન થઈ ગયું.તેમાં આપણે વર્ષા ઋતું નો અનુભવ ખૂબ સારી રીતે કર્યો.

હવે આગળ ના સૂર્ય ના નક્ષત્રો ની વાત કરીએ તો આગામી તારીખ 20/07/2026 થી શરૂ કરી તારીખ 03/08/2026 સુધી સૂર્ય નું પુષ્ય નક્ષત્ર માં પરિભ્રમણ શરૂ થશે.પુષ્ય નક્ષત્ર નો અધિપતિ દેવ ભગવાન બૃહસ્પતિ છે અને આ રાશી જળ તત્વ ના અધિપતિ ચંદ્ર ની રાશી માનવા માં આવે છે.આથી આ સમય માં આપણ ને વર્ષા ઋતું ના વરસાદ નો અનુભવ જરૂર થશે.આ નક્ષત્ર બૃહસ્પતિ ગુરુ નું હોવાથી શાંત અને વિઘ્ન વગર ના વરસાદ નો અનુભવ જોવા મળે.તો ત્યાર પછી આગામી તારીખ 20/07/2026 થી તારીખ 03/08/2026 નો આવનારો સમય પણ વરસાદ ના શુભ સમાચારો લઈ ને આવવા ની શક્યતા જોઈ શકાય છે.આ વરસાદ ખેતીપાક માટે ખેડૂત ભાઈઓ ને ખૂબ મદદ રૂપ થતો જોઈશકીશું.

ત્યાર પછી સૂર્ય ના મઘા નક્ષત્રમાં આગામી તારીખ 17/08/2026 થી તારીખ 30/08/2026 સુધી ના પરિભ્રમણ દરમ્યાન તેનું વાહન મોર હોવાથી જળ ની માત્રા માં વધઘટ નો અનુભવ કરનારો સમય બને.આપણા માં કહેવત છે કે **જો વરસે મઘા તો થાય ધન ના ઢગા** આ સમય નું સૂર્ય નું મઘા નક્ષત્ર નું પરિભ્રમણ શ્રાવણ માસ ના સરવડા આપનારું બની શકે છે.તો તારીખ 30/08/2026 થી તારીખ 13/09/2026 અને તારીખ 13/09/2026 થી તારીખ 27/09/2026 દરમ્યાન નું સૂર્ય નું પૂર્વા ફાલ્ગુની અને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર ના પરિભ્રમણ માં જરૂર મુજબ નું જળ આપનારું બને છે.તો આગામી તારીખ 27/09/2026 થી તારીખ 10/10/2026 નું સૂર્ય નું હસ્ત નક્ષત્ર માં પરિભ્રમણ ખેતીપાક માટે જરૂર પૂરતો વરસાદ આપી શકે છે.સૂર્ય ના વર્ષા ઋતું ના છેલ્લા બે નક્ષત્રો ચિત્રા અને સ્વાતિ ગડગડાટ કરાવે પણ જરૂરી જળ ન આપે તેવો અનુભવ કરાવે.

આમ સૂર્ય સમગ્ર બ્રહ્માંડ નું જળશોષી ને વરસાદ રૂપે આપણ ને ચોક્કસ શુધ્ધ અને સ્વચ્છ જળ પાછું આપે છે.

આથી જ સૂર્ય આપણા સમગ્ર બ્રહ્માંડ નો અધિપતિ માનવા માં આવે છે.સૂર્ય નો (મકર રાશી) ઉતરાયણ માં 14 જાન્યુઆરી થી થતો પ્રવેશ ઉત્તરા અયન અને તારીખ 14/07/ થી મિથુન રાશી ના પ્રવેશ થી થતો દક્ષિણા અયન આપણે અનુભવીએ છીએ.પૃથ્વી ના પરિભ્રમણ થી થતી આ વિવિધ ઋતુઓ નો અનુભવ તો આપણા દેશ માં રહેતા લોકો જ અનુભવી શકે છે અને તેથી જ ભારત ની ધરતી ને દેવતાઓ ની ભૂમિ કહેવાય છે.

જળ એ જ જીવન છે.જળ તત્વ આપણા દેહ માં કાયમી માટે વાસ કરે છે અને તેના આપણા દેહ માં રહેવા નું સ્થાન આપણી જીભ છે. આપણે અનુભવીએ છીએ કે આપણી જીભ કાયમી ભીની જ રહે છે.સત્તત બોલવા થી કે કાર્ય કરવા થી તે સુકાઈ તો તુરંત જળ પીવું જ પડે છે.આથી જળ નું ખૂબ જ જતન કરીએ અને તેને જાળવીએ.

શુભમ ભવતુ



**શાસ્ત્રી શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી**
MA (સંસ્કૃત) MA (એસ્ટ્રોલોજી)
(શ્રીમદ ભાગવત કર્મકાંડ અને જ્યોતિષાચાર્ય માર્ગદર્શક)
(વૈદિક સત્ કાર્ય ના સંવાહક)
મો.94264 84288, મો. 63536 03800
સાવરકુંડલા/ભાવનગર/બરોડા.

# બીજા રાજયનો ખેડૂત ગુજરાતમાં ખેડૂત બની શકે ???



કાયદાની કલમે...
નિલેશભાઈ એન. ચૌહાણ
એડ્વોકેટ, ગુજરાત હાઈકોર્ટ (M.Com, LL.B.)

વાંચકમિત્રો, આ વિશે અમારા એક સ્નેહી દ્વારા પૂછવામાં આવેલ,જે પદ્મ પ્રકાશકુંજના નિયમિત વાંચક પણ છે. હા, બીજા રાજયનો કાયદેસરનો ખેડૂત ગુજરાતમાં ખેતીની જમીન ખરીદી શકે છે. વર્ષ ૨૦૧૨ ના ગુજરાત હાઈકોર્ટના એક ઐતિહાસિક ચુકાદા પછી આ કાયદાકીય સ્થિતિ એકદમ સ્પષ્ટ થઈ ગઈ છે.અગાઉ આ અંગે કેટલાક સરકારી પ્રતિબંધો હતા, પરંતુ વર્તમાન કાનૂની જોગવાઈઓ નીચે મુજબ છે

*૧. ગુજરાત હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો (વર્ષ ૨૦૧૨)

ભૂતકાળમાં, ગુજરાત સરકારના ૧૯૭૩ ના એક પરિપત્ર (Circular) મુજબ, જો કોઈ વ્યક્તિ પાસે અન્ય રાજ્યમાં ખેતીની જમીન હોય પરંતુ ગુજરાતમાં જમીન ન હોય, તો તેને ગુજરાત પૂરતો 'બિન-ખેડૂત' ગણીને જમીન ખરીદવા દેવામાં આવતી ન હતી.* પરંતુ, વર્ષ ૨૦૧૨ માં 'પ્રીતસિંહ મુકંદસિંહ શિખ વિરુદ્ધ ગુજરાત સરકાર' ના લેન્ડમાર્ક કેસમાં ગુજરાત હાઈકોર્ટની લાર્જર બેન્ચે (Full Bench) સરકારના તે પરિપત્રને ગેરકાયદેસર ઠેરવીને રદ કરી દીધો. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે 'ખેડૂત' હોવું એ એક લાયકાત (Status) છે. ભારત દેશના કોઈપણ રાજ્યમાં જે વ્યક્તિ કાયદેસર રીતે ખેતી કરતો હોય અને ખેડૂત હોય, તેને માત્ર રાજ્યની સરહદોના આધારે ગુજરાતમાં ખેતીની જમીન ખરીદવાથી વંચિત રાખી શકાય નહીં.

* ૨. જમીન ખરીદવા માટેની મુખ્ય શરતો*અન્ય રાજયના ખેડૂતે ગુજરાતમાં જમીન ખરીદતી વખતે નીચેની બાબતોનું પાલન કરવું ફરજિયાત છે

* ખેડૂત હોવાનો કાયદેસરનો પુરાવો -

ખરીદનાર પાસે પોતાના મૂળ રાજયમાં ખેડૂત હોવાના નક્કર અને સત્તાવાર પુરાવા હોવા જરૂરી છે. (જેમ કે ત્યાંની જમીનનો ૭/૧૨ નો ઉતારો, ખાતાવહીની નકલ, અથવા સક્ષમ અધિકારીએ આપેલું ખેડૂત પ્રમાણપત્ર).

* માત્ર ખેતીનો હેતુ - જમીન ખરીદ્યા પછી તેનો ઉપયોગ માત્ર ખેતીના હેતુ માટે જ થવો જોઈએ.

*ગુજરાતના કાયદાઓનું પાલન - ગુજરાત ગણોત ધારા (Tenancy Act) અને ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા ધારા (Land Ceiling Act) ના નિયમો અન્ય રાજયના ખેડૂતોને પણ સમાન રીતે લાગુ પડશે.

*૩. બિન-ખેડૂત (Non-Agriculturist) માટે શું નિયમ છે?

જો અન્ય રાજયની વ્યક્તિ પોતાના મૂળ રાજયમાં પણ ખેડૂત ન હોય (એટલે કે તેની કે તેના પૂર્વજોની કોઈ ખેતીની જમીન ન હોય), તો તે ગુજરાતમાં પણ સીધી રીતે ખેતીની જમીન ખરીદી શકતી નથી.

આવા લોકોએ ખેતીની જમીન ખરીદવી હોય તો કલેક્ટરની પૂર્વમંજૂરી લેવી પડે છે, અથવા તો પહેલેથી જ બિન-ખેતી (N.A. - Non-Agricultural) થયેલી જમીન ખરીદવી પડે છે.

ટૂંકમાં, જો તમારી પાસે અન્ય રાજયમાં ખેડૂત હોવાના કાયદેસરના પુરાવાઓ ઉપલબ્ધ હોય, તો તમે ગુજરાતમાં ખેતીની જમીન ખરીદવા માટે પૂરેપૂરા હકદાર છો. દસ્તાવેજ નોંધણી કરતી વખતે તમારે સબ-રજીસ્ટ્રાર કચેરીમાં તમારા મૂળ રાજયના આ ખેડૂત હોવાના પુરાવાઓ રજૂ કરવા પડશે.





# લેઉવા પટેલ સમાજ સંચાલિત ખોડલધામ કાગવડ ટ્રસ્ટના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે ગુજરાતમાં ૭૫થી વધુ સ્થળોએ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

સાવરકુંડલા લેઉવા પટેલ સમાજ સંચાલિત ખોડલધામ કાગવડ ટ્રસ્ટના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે ગુજરાતના ૭૫થી વધુ સ્થળોએ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્રમમાં સાવરકુંડલા ખાતે શ્રી ખોડલધામ સમિતિ દ્વારા ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.સાવરકુંડલા શહેર તેમજ આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય લવજીબાપુ અને મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શુભ શરૂઆત કરી હતી.કેમ્પમાં તમામ સમાજના લોકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું અને અમૂલ્ય સેવાનો લાભ લીધો. આ કેમ્પમાં કુલ ૨૨૫ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવી હતી, જેના કારણે સમગ્ર કાર્યક્રમને અપાર સફળતા મળી છે.

આ અવસરે લેઉવા પટેલ સમાજના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમમાં અમરેલીના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા, ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી વસંતભાઈ મોવલીયા, બાવકુભાઈ ઉંધાડ, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ સહિત સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી મનીષભાઈ માંગરોળીયા (હાલ ભોપાલ) અને શ્રી દેવચંદભાઈ કપોપરાએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે માર્ગદર્શન અને મૂલ્યવાન યોગદાન આપ્યું હતું.ખોડલધામ કાગવડ ટ્રસ્ટના આયોજન હેઠળના આવા સેવાકીય કાર્યક્રમો સમાજમાં સેવા અને એકતાનો સંદેશો વ્યાપ્ત કરે છે.

# અમરેલી જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં 'અમરેલી સુરક્ષા કવચ' અંગે જાગૃતિ અભિયાન

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

ધારી, રાજુલા, ડુંગર અને અમરેલી સિટી સહિત 20 પોલીસ સ્ટેશન વિસ્તારોમાં 1850થી વધુ પરપ્રાંતીય શ્રમિકો-કારીગરોની નોંધણીઅમરેલી જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાની કાયદો-વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા તેમજ બહારથી રોજગારી માટે આવતા પરપ્રાંતીય શ્રમિકો અને કારીગરોની ડિજિટલ માહિતી ઉપલબ્ધ રહે તે હેતુથી વિકસાવવામાં આવેલી 'અમરેલી સુરક્ષા કવચ (ASK)' એપ્લિકેશન અંગે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સતત જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ ધારી, રાજુલા, ડુંગર અને અમરેલી સિટી પોલીસ દ્વારા 'અમરેલી સુરક્ષા કવચ (ASK)' અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત જિલ્લાના કુલ 20 પોલીસ સ્ટેશન વિસ્તારોમાં યોજાયેલા અભિયાન દરમિયાન 1850થી વધુ પરપ્રાંતીય શ્રમિકો અને કારીગરોને એપ્લિકેશન અંગે માહિતી આપવામાં આવી હતી તેમજ સ્થળ પર જ તેમની નોંધણી કરવામાં આવી હતી.'અમરેલી સુરક્ષા કવચ (ASK)' એપ્લિકેશન દ્વારા અન્ય જિલ્લાઓ અને રાજ્યોમાંથી રોજગારી માટે આવતા પરપ્રાંતીય શ્રમિકો તથા કારીગરોની ઓળખ, રહેઠાણ, મૂળ વતન, જરૂરી



દસ્તાવેજો અને રોજગાર સંબંધિત વિગતો ડિજિટલ રીતે નોંધવામાં આવે છે. આ માહિતીના આધારે ગુનાઓની અટકાયત, શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર અસરકારક નજર રાખવા તેમજ તપાસને વધુ ઝડપી અને સુનિશ્ચિત બનાવવામાં પોલીસને મદદ મળશે.રાજુલા તાલુકાના વાવેરા ગામે યોજાયેલા કાર્યક્રમમાં નાયબ પોલીસ અધિક્ષક શ્રીમતી નયના ગોરડીયાએ જનપ્રતિનિધિઓ, ઉદ્યોગકારો, નાગરિકો તથા શ્રમિકોને 'અમરેલી સુરક્ષા કવચ (ASK)' એપ્લિકેશનનું મહત્વ સમજાવ્યું હતું. સાથે જ જાહેર સુરક્ષાના હિતમાં સીસીટીવી કેમેરા સ્થાપન અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.અમરેલી જિલ્લા પોલીસે નાગરિકો, ખેડૂતો, ઉદ્યોગકારો અને વિવિધ સંસ્થાઓને અપીલ કરી છે કે તેઓ પોતાના વિસ્તારમાં કાર્યરત પરપ્રાંતીય શ્રમિકો અને કારીગરોની માહિતી 'અમરેલી સુરક્ષા કવચ (ASK)' એપમાં નોંધાવી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહભાગી બને.

# મધરાતે ૧૦૮ પહોંચે તેમ નહોતી, ત્યારે ખાંભાના આરોગ્યકર્મીએ પોતાની કારને દોડાવીને બે-જીવ બચાવ્યા

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી તા. ૧૩ જુલાઈ,૨૦૨૬ (સોમવાર) - ક્યારેક સમયસરનો યોગ્ય નિર્ણય અને સમયસૂચકતા વરદાન સાબિત થાય છે. ગત રાત્રીએ આશરે ૧૧ વાગ્યે વાડી વિસ્તારમાં રહેતા એક સગર્ભા મહિલાને અચાનક પ્રસૂતિની અસહ્ય પીડા થઈ હતી. ગ્રામ્ય વિસ્તાર અને રાત્રિનો સમય હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સને પહોંચવામાં વિલંબ થાય તેવી પૂરેપૂરી શક્યતા



**ખાંભાના મોટા સમઢીયાળા મુકામે વાડી વિસ્તારમાં વસવાટ કરતા સગર્ભા મહિલાની મદદે આવ્યા આરોગ્યકર્મી શ્રી ભરતભાઈ મકવાણા**



## આરોગ્ય સબ સેન્ટર-મોટા સમઢીયાળા ખાતે સગર્ભા મહિલાની સફળ પ્રસૂતિ કરાવતી આરોગ્ય ટીમ

હતી. સમય કિંમતી હતો અને એક-એક મિનિટ સગર્ભા તથા આવનાર બાળક માટે મહત્વની હતી. આ ગંભીર પરિસ્થિતિની જાણ થતાં જ મોટા સમઢિયાળા આરોગ્ય સબ સેન્ટરના આરોગ્ય કર્મી (MPHW) શ્રી ભરતભાઈ મકવાણાએ સહેજ પણ સમય ગુમાવ્યા વિના ત્વરિત નિર્ણય લીધો. તેમણે સરકારી મદદની રાહ જોવાના બદલે પોતાની વ્યક્તિગત ગાડી (કાર) કાઢી અને સગર્ભા મહિલાને તાત્કાલિક PHC (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) મોટા સમઢિયાળા ખાતે ખસેડ્યા.હોસ્પિટલ પહોંચતાની સાથે જ એલર્ટ તબીબી ટીમે મોરચો સંભાળી લીધો હતો. સમયસર મળેલી સારવાર અને ટીમના સંનિષ્ઠ પ્રયાસોને કારણે મહિલાની સફળ પ્રસૂતિ થઈ હતી. આજે માતા અને નવજાત શિશુ બંને સંપૂર્ણપણે સ્વસ્થ અને સુરક્ષિત છે. આ ઘટના માત્ર નોકરીની ફરજ પૂરતી સીમિત નથી, પરંતુ તે આરોગ્ય કર્મચારીઓની સંવેદનશીલતા અને માનવતાના ઉચ્ચ મૂલ્યોને દર્શાવે છે. શ્રી ભરતભાઈની આ સમયસૂચકતા અને ટીમ હેલ્થ-ખાંભાની આ કામગીરી ખરેખર પ્રેરણાદાયી છે

# શિક્ષક રઘુભાઈ `રમકડું`નું વડીયામાં સન્માનશિક્ષણ ક્ષેત્રે તેમની અનોખી કાર્યશૈલી માટે સન્માન કરાયું



વડીયા, અમરેલી રાજ્ય કક્ષાએ શિક્ષણ ક્ષેત્રે પોતાની અનોખી કાર્યશૈલી અને વિદ્યાર્થીઓ પ્રત્યેના સમર્પણ બદલ સન્માનિત થયેલા માંડવડા પ્રાથમિક શાળાના શિક્ષક રઘુભાઈ `રમકડું`નું વડીયામાં સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે વિનાયક સ્કૂલના આચાર્ય હેમાલીબેન વ્યાસના નિવાસસ્થાને સૌજન્ય મુલાકાત લીધી હતી.આ પ્રસંગે સમાજસેવક રાજેશભાઈ ચુડાસમાએ શાલ ઓઢાડી રઘુભાઈનું સન્માન કર્યું હતું. આ મુલાકાત અને કાર્યક્રમના આયોજનમાં વિનાયક સ્કૂલના આચાર્ય હેમાલીબેન વ્યાસનો સહયોગ પ્રશંસનીય રહ્યો હતો.ઉપસ્થિત મહાનુભાવોએ રઘુભાઈના શિક્ષણ ક્ષેત્રેના નોંધપાત્ર યોગદાન, તેમની નવીન શિક્ષણ પદ્ધતિઓ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના સમર્પિત પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમના કાર્યને સમગ્ર શિક્ષક સમાજ તેમજ યુવા પેઢી માટે પ્રેરણારૂપ ગણાવવામાં આવ્યું હતું.સમાજસેવક રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, "શિક્ષક માત્ર જ્ઞાન આપતા નથી, પરંતુ સમાજનું ઉજ્જવળ ભવિષ્ય ઘડે છે. રઘુભાઈ જેવા સમર્પિત અને સર્જનાત્મક શિક્ષકો સમગ્ર શિક્ષક સમાજ માટે ગૌરવ સમાન છે."મુલાકાત દરમિયાન શિક્ષણની ગુણવત્તા, સમાજસેવા, વિદ્યાર્થીઓમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને સર્વાંગી વિકાસ જેવા વિવિધ મુદ્દાઓ પર આત્મીય ચર્ચા પણ યોજાઈ હતી. રાજેશભાઈ ચુડાસમાએ રઘુભાઈને તેમના ભાવિ કાર્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં હવેથી આયુર્વેદ અને હોમિયોપેથી વિભાગની ઓપીડી સેવા ઉપલબ્ધ




પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા દર્દીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને હોલિસ્ટિક હેલ્થકેર સેન્ટરની આયુર્વેદ તથા હોમિયોપેથી વિભાગની ઓપીડી અને સારવાર સેવાના સ્થળમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે.હોલિસ્ટિક હેલ્થકેર સેન્ટર, ઘેલાણી નિવાસ, સંધિ ચોક ખાતે અગત્યના રિનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવતાં આજથી આયુર્વેદ તથા હોમિયોપેથી વિભાગની તમામ ઓપીડી અને સારવાર સેવાઓ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, ખાદી કાર્યાલય કેમ્પસ, રેલવે સ્ટેશન સામે, સાવરકુંડલા ખાતે ઉપલબ્ધ રહેશે.શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા દર્દીઓને ૧૦૦ ટકા નિ:શુલ્ક આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. સંસ્થા દ્વારા દર્દીઓને કોઈ અગવડતા ન પડે તે માટે આ સ્થળાંતરની જાણકારી જાહેર કરવામાં આવી છે અને તમામ દર્દીઓને નવી વ્યવસ્થા મુજબ આરોગ્ય સેવાઓનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.વધુ માહિતી માટે મો. 90336 87549 પર સંપર્ક કરવા જણાવાયું છે.

# મોત હાર્યું, તંત્ર જીત્યું આપત્તિ સામે અમરેલી ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને આપદામિત્રોની સફળ મોકડ્રીલ!

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી તા. ૧૦ જુલાઈ,૨૦૨૬ (શુક્રવાર) - અમરેલી શહેર સ્થિત ઠેબી ડેમ ખાતે ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને પૂર અને બચાવ કામગીરી અંગેની એક વિશેષ મોકડ્રીલનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આપત્તિના સમયે વહીવટી તંત્રની સજ્જતા અને વિવિધ વિભાગો વચ્ચેના સંકલનને ચકાસવા માટે આ કવાયત હાથ ધરવામાં આવી હતી. ઘટનાનું કાલ્પનિક દ્રશ્ય અને ત્વરિત કામગીરી માટે મોકડ્રીલના આયોજન અંતર્ગત એક કાલ્પનિક સ્થિતિ ઊભી કરવામાં આવી હતી, જેમાં ઠેબી ડેમના પાણીમાં બે યુવાનો ડૂબી રહ્યા હોવાની ઘટના આકાર પામી હતી. આ અંગે કોઈ અજાણ્યા નાગરિક દ્વારા તુરંત જ જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમને ફોન કરીને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને સમજીને જિલ્લા વહીવટી તંત્ર તુરંત જ હરકતમાં આવ્યું હતું અને સંબંધિત તમામ વિભાગો સહિત જિલ્લામાં તૈનાત NDRFની ટીમને તાત્કાલિક અસરથી બચાવ કાર્ય માટે ઘટના સ્થળે રવાના કરી હતી.

આ મોકડ્રીલને સફળ બનાવવા માટે વિવિધ વિભાગોના કુલ પર જેટલા અધિકારીઓ અને કર્મચારીઓએ સ્થળ પર હાજર રહીને પ્રશંસનીય કામગીરી કરી હતી. જેમાં NDRF ટીમના 30 જેટલા જાંબાઝ જવાનો આધુનિક બચાવ સાધનો સાથે જોડાયા હતા, કાયદો-વ્યવસ્થા અને ટ્રાફિક નિયમન માટે ૫ પોલીસ કર્મચારીઓ હાજર રહ્યા હતા, તાત્કાલિક તબીબી સારવાર માટે ૨ પેરામેડિકલ સ્ટાફ સભ્યો કાર્યરત હતા, ૧૪ જેટલા સ્થાનિક આપદામિત્રોએ બચાવ કામગીરીમાં સક્રિય સહયોગ આપ્યો હતો, ડી.પી.ઓ.શ્રીની સીધી દેખરેખ હેઠળ આખી કામગીરીનું સંચાલન કરવામાં આવ્યું હતું. NDRF અને સ્થાનિક ટીમ દ્વારા પાણીમાં ડૂબતા યુવાનોને હેમખેમ બહાર કાઢી, ૧૦૮ની મદદથી પ્રાથમિક સારવાર આપી હોસ્પિટલ ખસેડવા સુધીની તમામ પ્રક્રિયાઓ આબેહૂબ રીતે પૂર્ણ કરવામાં આવી હતી. આ સફળ મોકડ્રીલના કારણે ભવિષ્યમાં આવનારી કોઈપણ કુદરતી કે માનવસર્જિત આપત્તિ સમયે તંત્ર ખૂબ જ ટૂંકા સમયમાં અને અસરકારક રીતે કામગીરી કરી શકશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.










# સંગીત

**લીવ આર્ટિસ્ટિક**

**કંદર્પ ભટ્ટ**

**M.A.B.Ed in Music**

## વૈશ્વિક સંવાદનું અનોખું માધ્યમ : સંગીતની કોઈ ભાષા હોતી નથી

"જ્યાં શબ્દો પોતાની મર્યાદાના કારણે અટકી જાય છે, ત્યાંથી સંગીતની અસીમ સફર શરૂ થાય છે."માનવ સભ્યતાના પ્રારંભથી જ અભિવ્યક્તિના અનેક માધ્યમો વિકસ્યા છે, જેમાં ભાષા સૌથી મુખ્ય છે. દુનિયાભરમાં હજારો ભાષાઓ અને બોલીઓ અસ્તિત્વમાં છે. આ તમામ ભાષાઓ આપણને એકબીજા સાથે જોડે છે, પરંતુ તેમની એક મર્યાદા છે. જો આપણને કોઈ ચોક્કસ ભાષાનું જ્ઞાન ન હોય, તો આપણે સામેની વ્યક્તિના વિચારો સમજી શકતા નથી. પરંતુ આ પૃથ્વી પર એક એવી અનોખી અને જાદુઈ ભાષા પણ અસ્તિત્વ ધરાવે છે જેને શીખવા માટે કોઈ વ્યાકરણ, લિપિ કે ડિક્શનરીની જરૂર પડતી નથી. તે ભાષા છેસંગીત. સાચે જ, સંગીતની કોઈ સરહદ કે ભાષા હોતી નથી, તે સાચી અર્થમાં વૈશ્વિક છે.

શબ્દોનું મોહતાજ નથી સંગીતસંગીત એ માત્ર શબ્દો અને સૂરનો સંગમ નથી, પણ તે માનવ હૃદયના શુદ્ધ ભાવોની અભિવ્યક્તિ છે. ઘણીવાર આપણે એવા ગીતો સાંભળીએ છીએ જેના શબ્દો આપણને સમજાતા નથીજેમ કે કોઈ સૂફી કલામ, કોઈ પશ્ચિમી ધૂન કે કોઈ દક્ષિણ ભારતીય સંગીત. છતાં, તેની ધૂન અને તાલ આપણી આત્માને ઝંકૃત કરી દે છે. જ્યારે કોઈ ઉદાસીભરી ધૂન વાગે છે ત્યારે આપણું હૃદય ભરાઈ આવે છે, અને જ્યારે કોઈ ઉત્સાહભરી ધૂન વાગે છે ત્યારે આપણા પગ આપોઆપ થિરકવા લાગે છે. આ સાબિત કરે છે કે સંગીત શબ્દોનું મોહતાજ નથી. સૂર, તાલ અને લય જ સંગીતની અસલી પરિભાષા છે, જે સીધા હૃદય સુધી પહોંચે છે.

પ્રકૃતિનું અદભુત સંગીતવૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ સંશોધનો દર્શાવે છે કે સંગીતની અસર માત્ર મનુષ્યો પર જ નહીં, પણ પશુ-પંખીઓ અને વનસ્પતિ પર પણ થાય છે. સુંદર સંગીત સાંભળવાથી છોડનો વિકાસ ઝડપી થાય છે અને ગાયો વધુ દૂધ આપે છે. પ્રકૃતિ પણ પોતાનામાં એક મોટું સંગીત છે. નદીનો ખળખળ વહેતો નાદ, પક્ષીઓનો કલરવ, વરસાદના ટીપાંનો અવાજ અને પવનની લહેરખીઆ બધું જ પ્રકૃતિનું અદભુત સંગીત છે, જેની કોઈ ચોક્કસ ભાષા નથી છતાં તે દરેક જીવને શાંતિ આપે છે.

તણાવમુક્તિ અને એકતાનો સેતુઆજના આધુનિક અને તણાવપૂર્ણ યુગમાં સંગીત એક હીલર (દવા) તરીકે કામ કરે છે. જ્યારે માણસ એકલતા કે માનસિક અશાંતિ અનુભવે છે, ત્યારે સંગીત તેના મનને શાંતિ આપે છે. તે ભાષાકીય અને ભૌગોલિક દીવાલોને તોડીને લોકોને એકબીજાની નજીક લાવે છે. વિશ્વના કોઈપણ ખૂણે બેઠેલી વ્યક્તિ જ્યારે કોઈ સુંદર ધૂન સાંભળે છે, ત્યારે તે બાકીની દુનિયા સાથે એકાત્મતા અનુભવે છે. રાજકીય સરહદો દેશોને વહેંચી શકે છે, પરંતુ સંગીત સમગ્ર માનવતાને એક તાંતણે બાંધવાની શક્તિ ધરાવે છે.

ઉપસંહાર

નિષ્કર્ષમાં કહી શકાય કે, સંગીત એ ઈશ્વરે મનુષ્યને આપેલી સૌથી સુંદર ભેટ છે. જ્યાં શબ્દો પોતાની મર્યાદાના કારણે અટકી જાય છે, ત્યાંથી સંગીતની સફર શરૂ થાય છે. તે હૃદયથી હૃદયને જોડતો એક એવો સેતુ છે જે સદીઓથી અવિરત વહેતો રહ્યો છે અને હંમેશા વહેતો રહેશે. ચાલો, ભાષાના ભેદભાવથી પર થઈને સંગીતના આ અદ્ભુત અમૃતનો આનંદ માણીએ અને જીવનને વધુ સૂરમય બનાવીએ.

સાંસ્કૃતિક સરહદો અને નફરતને ઓગાળતી આધ્યાત્મિક શક્તિસંગીત માત્ર મનોરંજન નથી, પરંતુ માનવ ઈતિહાસમાં તે નફરતની દીવાલોને તોડવાનું સૌથી મોટું હથિયાર રહ્યું છે. રાજકીય તણાવ અને યુદ્ધોના સમયે પણ બે કટ્ટર વિરોધી દેશોના લોકો એકબીજાના સંગીતકારો અને ગાયકોને એટલો જ પ્રેમ આપે છે. સંગીત જ્યારે સુફી સંતોના કલામ કે ભક્તિ માર્ગના ભજનોમાં રૂપાંતરિત થાય છે, ત્યારે તે ધર્મ અને જ્ઞાતિના વાડાઓથી પર થઈ જાય છે. તે મનુષ્યના અહંકારને ઓગાળીને તેને બ્રહ્માંડ સાથે જોડે છે. આ જ કારણ છે કે સંગીતને ઈશ્વર સુધી પહોંચવાનો સૌથી ટૂંકો અને સરળ માર્ગ માનવામાં આવ્યો છે.

# નવજાત શિશુ માટે 108 નિયોનેટલ એમ્બ્યુલન્સ બની આશા નું કિરણ






**પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

આજ રોજ તારીખ 9 જુલાઈ 2026 ના રોજ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા હોસ્પિટલમાં એક નવજાત શિશુ નો જન્મ થયો હતો એક દિવસ ના નવજાત શિશુ ની તબિયા બગડતા નવજાત શિશુ ને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે જેથી આજરોજ એ નવજાત શિશુને ઓક્સિજન ની જરૂરિયાત અમરેલી સિવિલ હોસ્પિટલ લઈ જવું પડે તેમ હતું જે થી શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર હોસ્પિટલ સાવરકુંડલા થી અમરેલી સિવિલ લઈ જવા માટે ગુજરાત સરકાર દ્વારા કાર્યરત અને ઈએમઆઇ આર આઈ ગ્રીન હેલ્થ સર્વિસિસ દ્વારા સંચાલિત ૧૦૮ નીઓનેટલ એમ્બ્યુલન્સ સાવરકુંડલા ખાતે કાર્યરત છે જેની મદદ થી બાળકને શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા થી ઓકિસજન સાથે ટ્રાન્સપોર્ટ ઇન્ક્યુબેટર એટલે કે નવજાત શિશુને લઈ જવા માટેનું ઉષ્માનિયંત્રક (કૃત્રિમ ગરમી આપતું વાહન) થાય છે. જે ની મદદ થી અમરેલી સિવિલ ખાતે સુરક્ષિત લઈ જવાયા હતા.

તેમજ આવીજ રીતે ગત રોજ તારીખ 07 જુલાઈ 2026 ના રોજ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા થી એક નવજાત શિશુ જેની ઉંમર માત્ર બે દિવસ ની હતી જે બાળક ને ખેંચ આવતી હતી તેમજ શ્વાસ લેવામાં તકલીફ જણાય હતી જે થી શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા થી વધુ તપાસે અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલ લઈ જવું પડે તેમ હોય તે બાળક ને પણ સાવરકુંડલા ખાતે ખાસ નવજાત શિશુ માટે કાર્યરત એવી નિયોનેટલ એમ્બ્યુલન્સ દ્વારા નવજાત શિશુ ને સલામત રીતે લઈ જવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લા માં સાવરકુંડલા ખાતે નવજાત શિશુઓ માટે ખાસ નિયોનેટલ એમ્બ્યુલન્સ કાર્યરત છે જેમાં ખાસ કરી ની 0 થી 28 દિવસના નવજાત બાળકોને કોઈ પણ તકલીફ હોય તો તેમને તાત્કાલિક અને સુરક્ષીત રીતે હોસ્પિટલ સુધી પહોંચાડવા આ એમ્બ્યુલન્સ ચોવીસ કલાક કાર્યરત રહેશે.

તેમજ આ એમ્બ્યુલન્સ માં (૧)| એડવાન્સ ઈન્ક્યુબેટર:- નવજાતને શિશુ ને ગર્ભાશય જેવું સુરક્ષિત અને કુદરતી તાપમાન પૂરું પાડવા માટે ખાસ મશીન. (૨) નિયોનેટલ| વેન્ટીલેટર અને ઓક્સિજન સિસ્ટમ:- શ્વાસ લેવામાં તકલીફ અનુભવતા બાળકો માટે મુસાફરી દરમિયાન જ અત્યાધુનિક શ્વસન તંત્રની સુવિધા.(૩) મલ્ટીપેરા મોનિટર-| બાળકના હૃદ્યના ધબકારા અને ઓકિસજન લેવલ પર સેકન્ડ-| સેકન્ડ નજર રાખવા માટેનું મોનિટર.(૪) તાલીમબદ્ધ મેડિકલ સ્ટાફ:- મુસાફરી દરમિયાન બાળકની કટોકટીની પરિસ્થિતિને સંભાળવા માટે ખાસ અનુભવી ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન જેવી અધતન સુવિધાઓ મળી રહેશે.

# અમરેલી જીલ્લામાં પડેલ ભારે વરસાદ ને પગલે મોટાભાગના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોની ખેતીની જમીનમાં મોટાપાયે નુકશાન

**પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**



અમરેલી જીલ્લામાં પડેલ ભારે વરસાદ ને પગલે મોટાભાગના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોની ખેતીની જમીનમાં મોટાપાયા નુકશાન પહોંચ્યું છું અનેક ગામોમાં ખેડૂતોની જમીનમાં પાણીના પ્રવાહ થી જમીનને ધોવાણ થયું છે ખેતીના પાળાઓ પાણીના પ્રવાહના કારણે તૂટી ગયા છે વરસાદ પહેલા અમુક વિસ્તારોમાં ખેડૂતો આગોતરું વાવેતર કરી નાખ્યું હતું ભારે વરસાદ ને કારણે ખેડૂતો એ કરેલા બિયારણ ધોવાઈ આર્થિક મોટો ફટકો પડ્યો છે.

અમરેલી જીલ્લાના તમામ તાલુકામાં અનરાધાર વરસાદ ખાબક્યો હતો અનેક ગામોમાં વરસાદી પાણીમાં ખેતરો જળમગ્ન બન્યા હતા અનેક ખેડૂતોની જમીન સ્થાનિક નદીઓના પાણી ફરી વળતા ખેતરો ધોવાયા ગયા છે અમુક જગ્યાએ ભારે વરસાદ ને કારણે ખેતરોના પાળા તૂટી જતા ખેતરો ને મોટા પાયે નુકશાન પહોંચ્યું છે.

અમરેલી જિલ્લાના રાજુલા જાફરાબાદ ખાંભા ધારી સાવરકુંડલા લાઠી લીલીયા બગસરા વડીયા સહિત તમામ તાલુકા ભરમા ચોમાસા નો પ્રથમ વરસાદ અનરાધાર ખાબકતા ખેડૂતોને મોટાપાયે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે ત્યારે ટીમ સાવરકુંડલાના ચરખડિયા ગામે પહોંચી અને ખેતીને થયેલા નુકસાન જાણવાના પ્રયાસ કર્યા અને ખેતરો ભારે વરસાદને કારણે ધોવાણ થયા છે ખાસ કરીને સાવરકુંડલા નો ચરખડિયા ગામ કે જ્યાં બીન પિયત વિસ્તાર હોવાથી ખેડૂતો ચોમાસા પહેલા આગોતરું વાવેતર કરી દેતા હોય છે પરંતુ ભારે વરસાદને કારણે ખેડૂતોના બિયારણ પણ નિષ્ફળ ગયા છે હાલ ખેડૂતોની માંગ છે સરકાર વહેલી તકે સર્વે કરાવે અને ખેડૂતોને મદદરૂપ થાય.

અમરેલી જિલ્લામાં વરસેલા ભારે વરસાદને પગલે રાજ નેતાઓએ સરકારને પત્ર લખી રજૂઆતો કરી છે રાત નેતાઓ પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનીનો તાગ મેળવી રહ્યા છે જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડ વડીયા અમરેલી જિલ્લાના ગ્રામ્ય પંથકોમાં ખેડૂતોને થયેલા નુકસાનનું નિરીક્ષણ કરી રહ્યા છે સાથોસાથ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળાએ સરકારને પત્ર લખી ખેડૂતોને મદદરૂપ થવા પત્ર પાઠવી રજૂઆત કરી છે ત્યારે આ ચરખડિયા ગામના સરપંચે પોતાના ગામમાં થયેલા ખેડૂતોને નુકસાન અંગે પત્ર લખી સરકારને રજૂઆત કરી છે .

# "સેરેબ્રલ પાલ્સી જીવનની મર્યાદા નથી, યોગ્ય સારવાર અને હિંમતથી શક્ય છે સુંદર જીવન!"



**Dr. Vishal K. Chavda, MS, PhD, FICN**

આજે, આધુનિક યુગમાં, લોકો વધુ જંક ફૂડ ખાવા માટે ટેવાયેલા છે અને તેના કારણે જન્મેલા બાળકની માતૃત્વ અને ગુણવત્તા સાથે કોઈક રીતે ચેડા થાય છે. આપણે વારંવાર સાંભળીએ છીએ કે બાળકનો જન્મ પરિપક્વતાના સમય પહેલા અને અથવા શરીરના ઓછા વજન સાથે થાય છે. શરીરના ઓછા વજન સાથે અથવા પ્રિ-મેચ્યોર બાળક સાથે મગજ સારી રીતે વિકસિત ન હોવાને કારણે ઘણીવાર ન્યુરોલોજીકલ રોગો સાથે સંકળાયેલું હોય છે. આજની કોલમમાં, અમે ભારતમાં ખૂબ જ સામાન્ય એવા બાળકોના ન્યુરોલોજીકલ રોગ વિશે ચર્ચા કરીશું - સેરેબ્રલ પાલ્સી.

શું તમે જાણો છો કે સેરેબ્રલ પાલ્સી શું છે? સેરેબ્રલ પાલ્સી મગજના અસામાન્ય વિકાસ અથવા વિકાસશીલ મગજને નુકસાનને કારણે થાય છે જે બાળકની તેના સ્નાયુઓને નિયંત્રિત કરવાની ક્ષમતાને અસર કરે છે. સેરેબ્રલ પાલ્સીના ચિહ્નો સામાન્ય રીતે બાળકોમાં જીવનના પ્રથમ થોડા મહિનામાં દેખાય છે, પરંતુ ઘણા બાળકોનું 2 વર્ષ કે પછીની ઉંમર સુધી નિદાન થતું નથી. સામાન્ય રીતે, સેરેબ્રલ પાલ્સીના પ્રારંભિક ચિહ્નોમાં વિકાસમાં વિલંબનો સમાવેશ થાય છે. સેરેબ્રલ પાલ્સી ધરાવતું બાળક રોલિંગ ઓવર, બેસવું, ક્રોલ કરવું અને ચાલવું જેવા સીમાચિહ્નો સુધી પહોંચવામાં ધીમા હોય છે. સેરેબ્રલ પાલ્સી સાથે જન્મ લેવાનું જોખમ એવા બાળકોમાં વધારે હોય છે જેનું વજન ખૂબ જ ઓછું હોય અને ગર્ભાવસ્થાના 32 અઠવાડિયા પહેલા જન્મે હોય. સગર્ભાવસ્થા દરમિયાન તાવ અથવા ચેપ, જેમ કે અછબડા અથવા રૂબેલા, માતાના શરીરમાં બળતરા પેદા કરતા પ્રોટીનનું નિર્માણ કરી શકે છે, જેને સાયટોકાઇન્સ કહેવાય છે. સામાન્ય રીતે, સેરેબ્રલ પાલ્સી સાથે જન્મેલા બાળકો સરેરાશ 30 થી 70 વર્ષની વચ્ચે જીવવાની અપેક્ષા રાખી શકે છે. સૌથી લાંબી આયુષ્ય ધરાવતા લોકોમાં સામાન્ય રીતે વધુ ગતિશીલતા, સારી તબીબી સંભાળ અને અનુકૂલનશીલ સાધનો અને વધુ સ્વાયત્તતા અને સ્વતંત્રતા હોય છે. સેરેબ્રલ પાલ્સીનો કોઈ ઈલાજ નથી અને આ સ્થિતિ જીવનભર રહે છે.

સેરેબ્રલ પાલ્સી મગજના હિલચાલને નિયંત્રિત કરતા ભાગોમાં નુકસાન અથવા અસામાન્ય વિકાસને કારણે થાય છે. આ ઘટનાઓ જન્મ પહેલાં, દરમિયાન અથવા તેના થોડા સમય પછી અથવા જીવનના પ્રથમ થોડા વર્ષોમાં થઈ શકે છે, જ્યારે મગજ હજી વિકાસશીલ હોય છે. ઘણા કિસ્સાઓમાં સેરેબ્રલ પાલ્સીનું ચોક્કસ કારણ જાણી શકાતું નથી. સેરેબ્રલ પાલ્સીનો કોઈ ઈલાજ નથી. પરંતુ સંસાધનો અને ઉપચાર બાળકોને તેમની સર્વોત્તમ ક્ષમતામાં વૃદ્ધિ અને વિકાસ કરવામાં મદદ કરી શકે છે. મગજનો લકવોનું નિદાન થતાં જ, બાળક હલનચલન અને અન્ય ક્ષેત્રો માટે ઉપચાર શરૂ કરી શકે છે જેને મદદની જરૂર હોય છે, જેમ કે શીખવું, વાણી, શ્રવણ અને સામાજિક અને ભાવનાત્મક વિકાસ. સેરેબ્રલ પાલ્સી માટે કોઈ ઈલાજ નથી, પરંતુ સહાયક સારવાર, દવાઓ અને શસ્ત્રક્રિયા ઘણી વ્યક્તિઓને તેમની મોટર કુશળતા અને વિશ્વ સાથે વાતચીત કરવાની ક્ષમતાને સુધારવામાં મદદ કરી શકે છે. સેરેબ્રલ પાલ્સીવાળા તમામ લોકોને હલનચલન અને મુદ્રામાં સમસ્યા હોય છે. સેરેબ્રલ પાલ્સીના દર્દીઓ પુખ્તાવસ્થામાં સંક્રમણ થતાં તેઓ સ્વસ્થ અને સામાન્ય જીવન જીવે છે. સેરેબ્રલ પાલ્સીના ગંભીર મગજનો લકવો નોંધપાત્ર શારીરિક અને બૌદ્ધિક ક્ષતિઓ અને સંકળાયેલ સ્વાસ્થ્ય પરિસ્થિતિઓને કારણે આયુષ્ય ઘટાડી શકે છે.

સગર્ભા માતા મગજનો લકવો કેવી રીતે ટાળી શકે?

ગર્ભના સ્વાસ્થ્યને અસર કરવા માટે જાણીતા ચેપ અથવા વાયરસના સંપર્કમાં આવવાનું ટાળવું, જેમ કે જર્મન મીઝલ્સ, સાયટોમેગાલોવાયરસ અથવા ઝિકા; યોગ્ય રીતે રસી મેળવવી; અંતર્ગત સ્વાસ્થ્ય સમસ્યાઓ, જેમ કે બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, વગેરેને નિયંત્રિત કરવું. ટોક્સોપ્લાઝમોસીસ, રૂબેલા (જર્મન ઓરી), સાયટોમેગાલોવાયરસ અને હર્પીસ ગર્ભાશય અને પ્લેસેન્ટાને સંક્રમિત કરી શકે છે, જે ગર્ભમાં મગજને નુકસાન પહોંચાડે છે. ગર્ભાવસ્થા દરમિયાન તાવ. કેટલીકવાર ગર્ભાવસ્થા અથવા ડિલિવરી દરમિયાન માતાને તાવ આવવાથી ગર્ભમાં મગજને નુકસાન થાય છે, પરિણામે મગજનો લકવો થાય છે. તેથી જ્યારે તમને ગર્ભાવસ્થા હોય અને તાવ આવે ત્યારે હંમેશા સાવચેત રહો!! તમારા સ્ત્રીરોગચિકિત્સકની મુલાકાત લેવી આવશ્યક છે!

સેરેબ્રલ પાલ્સી ધરાવતું બાળક બેસવું, ક્રોલ કરવું, ચાલવું અને હસવું જેવા ચોક્કસ લક્ષ્યો સુધી પહોંચવા માટે સંઘર્ષ કરશે. જ્યારે આ વિલંબ તમારા બાળકના વિકાસ માટે સ્વીકાર્ય મર્યાદામાં હોઈ શકે છે, જો તમને આમાંના એક કરતાં વધુ ચિહ્નો દેખાય તો તમારે તમારા બાળરોગ ચિકિત્સક દ્વારા તમારા બાળકની તપાસ કરાવવી જોઈએ. હાડકાંને મજબૂત રાખવામાં મદદ કરવા માટે, સેરેબ્રલ પાલ્સીવાળા બાળકોને પૂરતું કેલ્શિયમ મળવું જોઈએ, જે હાડકાં અને દાંતમાં સંગ્રહિત ખનિજ છે. આના શ્રેષ્ઠ સ્ત્રોતોમાં દૂધ, દહીં, ચીઝ અને કેલ્શિયમ-ફોર્ટિફાઇડ જ્યુસનો સમાવેશ થાય છે.

વિટામિન ડી, જે શરીરને ખોરાક અને પૂરવણીઓમાંથી કેલ્શિયમ શોષવામાં મદદ કરે છેસેરેબ્રલ પાલ્સી માટે સામાન્ય પ્રકારની સારવારમાં શારીરિક ઉપચાર અને પુનર્વસન સમાવેશ થાય છે. મગજનો લકવો ધરાવતું બાળક સામાન્ય રીતે જીવનના પ્રથમ થોડા વર્ષોમાં અથવા નિદાન થયા પછી તરત જ આ ઉપચારો શરૂ કરે છે. શારીરિક ઉપચાર એ સારવારના સૌથી મહત્વપૂર્ણ ભાગોમાંનું એક છે.

સેરેબ્રલ પાલ્સી ધરાવતા પ્રાણીઓ અને મનુષ્યોમાં થયેલી કેટલીક તપાસોએ સેરેબ્રલ પાલ્સી ડિસઓર્ડરની સારવાર માટે સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટેશનની સકારાત્મક સંભાવના દર્શાવી છે. પુરાવાઓની વધતી જતી માત્રા સૂચવે છે કે નાળના રક્ત (UCB) નો ઉપયોગ મગજનો લકવોના પ્રારંભિક નિદાન અને સારવાર બંને માટે થઈ શકે છે.. શું સેરેબ્રલ પાલ્સી સાથે વ્યક્તિ સારું જીવન જીવી શકે છે? અલબત્ત હા!તેનું એક ખૂબ જ સારું ઉદાહરણ છે સૌથી પ્રખ્યાત અમેરિકન અભિનેતા, રોય ફ્રેન્ક આરજે. રોય ફ્રેન્ક "આરજે" મિટ્ટે III એ અમેરિકન અભિનેતા છે, જે એએમસી શ્રેણી બ્રેકિંગ બેડ (20082013) પર વોલ્ટર વ્હાઇટ જુનિયરની ભૂમિકા માટે જાણીતા છે; શોમાં તેના પાત્રની જેમ તેને સેરેબ્રલ પાલ્સી છે. 2006 માં હોલીવુડ ગયા પછી, તેણે વ્યક્તિગત પ્રતિભા મેનેજર સાથે તાલીમ લેવાનું શરૂ કર્યું. તેથી જો તમને અથવા તમારા બાળકને મગજનો લકવો છે, તો ચિંતા કરશો નહીં, આધુનિક ઉપચાર પદ્ધતિઓ છે જેની મદદથી તમે તમારું જીવન એકદમ આરામથી જીવી શકો છો!!

# કાણકિયા કોલેજમાં NDRF દ્વારા આપદા વ્યવસ્થાપન અને પ્રબંધન પર પ્રેક્ટિકલ તાલીમ યોજાઈ





■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી. ડી. કાણકિયા આર્ટસ એન્ડ એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલા દ્વારા NDRF વડોદરાના સહયોગથી કોમર્સ તેમ જ આર્ટસના વિદ્યાર્થીઓ માટે આપદા વ્યવસ્થાપન અને પ્રબંધન પર પ્રેક્ટિકલ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે NDRF ઈન્સ્પેક્ટર (કોબ્રા કમાન્ડો) બસંત તીરકી સર હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી થઈ હતી.

ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયા સાહેબે શ્રી બસંત તીરકી સરનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને NDRFના કાર્યક્ષેત્ર વિશે પરિચય આપ્યો હતો. પોતાના વક્તવ્યમાં શ્રી બસંત તીરકી સર દ્વારા NDRF શું છે, તેમાં કેવી રીતે જોડાઈ શકાય, ત્યાં લેવાની ટ્રેનિંગ, તેનો સમયગાળો વગેરે વિશે પ્રાથમિક સમજણ આપવામાં આવી હતી. ત્યાર બાદ ત્યાં ઉપસ્થિત NDRF ટીમના સભ્યો દ્વારા અલગ અલગ પ્રકારની કુદરતી આપત્તિઓ અને એ સમયે કરવાની વિવિધ કામગીરી વિશે પ્રેક્ટિકલ ડેમો કરીને વાસ્તવિક નિદર્શન કરવામાં આવ્યું હતું.

હાર્ટ એટેક કે શ્વાસ અચાનક બંધ થઈ જવાના સંજોગોમાં CPR કેવી રીતે આપી શકાય, કોઈ પણ ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક સારવાર કેવી રીતે આપવી, બ્લિડિંગ કંટ્રોલ, ઈમ્પેલડ ઓબ્જેક્ટ, હેડ ઈન્જરી, ફ્રેકચર, ઈમ્પ્રોવાઇઝ સ્ટ્રેચર, પૂરની પરિસ્થિતી વખતે લાઈફ સેવિંગ જેકેટ અને રાફ્ટનો ઉપયોગ, ફાયર સેફ્ટી સાધનોનો ઉપયોગ, ભૂકંપ સમયે સુરક્ષિત રહેવા માટે ડ્રોપ, કન્ટ્રોલ એન્ડ હોલ્ડ પદ્ધતિ દ્વારા સુરક્ષિત સ્થળે પહોંચવું વગેરે વિષયોને આવરી લઈને હાજર વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને ડેમોમાં ભાગ લેવડાવીને ખૂબ જ રસપ્રદ શૈલીમાં વ્યવહારુ જ્ઞાન અને તાલીમ આપવામાં આવ્યા હતા અને આ હેતુથી ઉપયોગમાં લેવાતા વિવિધ સાધનોનું પણ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો સમક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો દ્વારા ઉપરોક્ત મુદ્દાઓ પર અનેકવિધ પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા હતા અને વક્તાશ્રી દ્વારા તમામ પ્રશ્નોના ખૂબ જ સરળ અને સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.કાર્યક્રમના અંતે કોલેજના અંગ્રેજી વિભાગના પ્રો. ડો. હાર્દિક ઉદેશી દ્વારા NDRF ઈન્સ્પેક્ટર શ્રી બસંત તીરકી સર અને સમગ્ર NDRF ટીમની આભારવિધિ કરવામાં આવી હતી. કોમર્સ તેમજ આર્ટસના વિદ્યાર્થીઓએ ખૂબ જ બહોળી સંખ્યામાં આ કાર્યક્રમનો લાભ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌ સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંકલન અને સંચાલન કોમર્સ વિભાગના પ્રો. ડો. કલ્પેશ રાડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.











## સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ અને નદીઓના પણ પાણીના કારણે રસ્તાઓને ભારે નુકસાન

# માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરી મોટાભાગના રસ્તાઓનું સમારકામ કરી શરૂ કરી દેવામાં આવ્યા

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

ગત તા. 5 અને 6 જુલાઈ દરમિયાન સાવરકુંડલા તાલુકામાં પડેલા ભારે વરસાદના કારણે તાલુકાના માર્ગ અને પંચાયત હસ્તકના અનેક રસ્તાઓને વ્યાપક નુકસાન થયું હતું. શેત્રુંજી અને શેલ નદીમાં ભારે પાણીની આવક થતાં કાંઠાના ગામોમાં માર્ગ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી અને અનેક સ્થળોએ વાહનવ્યવહાર અસ્થાયી રીતે બંધ કરવો પડ્યો હતો ભારે વરસાદ અને પાણીના પ્રવાહને કારણે નેસડી, કરજાળા, જીરા, ખડકાળા, જુનાસાવર, કેરાળા, હઠીલા, વાવ, ખાલપર, મેકડા, ધોબા, પીપરડી સહિતના ગામોને જોડતા માર્ગો પર પાણી ફરી વળતાં રસ્તાઓ ધોવાઈ ગયા હતા અને નાળા પુલિયાઓને પણ નુકસાન પહોંચ્યું હતું.

સાવરકુડલા માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા પરિસ્થિતિની ગંભીરતા ધ્યાનમાં લઈને તાત્કાલિક યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી સીમરણજીરા, જીરાઆંબા, જીરાનાના ભમોદરા, નાના ભમોદરાખડકાળા, સાવરકુંડલાનાના ભમોદરા, જુનાસાવરકેરાળા, જીરાજીરા સ્ટેશન, કેરાળાકુકાવાવ, ખાલપરબવાડી સહિતના મહત્વના માર્ગો પર બોર્ડર ભરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી સાથે જ કોરિસફોલ, જેસીબી, હિટાચી, ટ્રેક્ટર અને મજૂરોની મદદથી રસ્તાઓના ધોવાણને દૂર કરી તાત્કાલિક સમારકામ કરવામાં આવ્યું હતું.


સાવરકુંડલા માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા જણાવ્યા મુજબ ભારે વરસાદના કારણે સાવરકુંડલા તાલુકામાં જિલ્લા પંચાયત હસ્તકના અંદાજિત 22 રસ્તાઓને નુકસાન થયું હતું તેમાંના 6 રસ્તાઓ સંપૂર્ણપણે વાહનવ્યવહાર માટે બંધ થઈ ગયા હતા ગ્રામ્ય વિસ્તારોમાં લોકોની અવરજવર, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, ખેડૂતો અને દૈનિક કામકાજ માટે જતા નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો જોકે, વિભાગ દ્વારા તાબડતોબ કાર્યવાહી કરીને મોટાભાગના માર્ગો ફરીથી વાહનવ્યવહાર માટે ખુલ્લા કરી દેવામાં આવ્યા છે.

હાલમાં બાકી રહેલા 2 રસ્તાઓ પર પણ સમારકામની કામગીરી સતત ચાલી રહી છે માર્ગ અને મકાન પંચાયત વિભાગે જણાવ્યું છે કે વરસાદી પરિસ્થિતિ વચ્ચે લોકોને અવરજવરમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે અસરગ્રસ્ત તમામ માર્ગો પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જ્યાં જ્યાં ધોવાણ થયું છે ત્યાં માટી ભરાવવી, પુલિયાઓની મરામત કરવી, રસ્તાની સપાટી સમતલ કરવી અને જરૂરી સ્થળોએ મજબૂતાઈ વધારવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે.વિભાગના અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે વરસાદ બાદ માર્ગોની સ્થિતિનું તાત્કાલિક સર્વેક્ષણ કરીને નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ જ જેસીબી ટ્રેક્ટર હિટાચી જેવી મશીનરી દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ગ્રામ્ય વિસ્તારોમાં આવશ્યક સેવાઓ, દૂધ, શાકભાજી, આરોગ્યસેવા અને શાળા પરિવહન જેવી સુવિધાઓ ફરીથી સરળતાથી શરૂ થઈ શકે તે માટે પ્રાથમિકતા આધારે માર્ગો ખુલ્લા કરવામાં આવ્યા છેસ્થાનિક ગ્રામજનો દ્વારા માર્ગ અને પંચાયત વિભાગની ઝડપી કામગીરીની પ્રશંસા કરવામાં આવી છે.

ભારે વરસાદથી સર્જાયેલી મુશ્કેલીઓ વચ્ચે તાત્કાલિક પગલાં લેવાતા લોકોને મોટી રાહત મળી છે. હાલ તાલુકાના તમામ અસરગ્રસ્ત માર્ગો પર સ્થિતિ સામાન્ય બની રહી છે અને બાકી રહેલા સમારકામ પણ ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે.

# દેશના વડાપ્રધાનના રેલ્વે સ્ટેશન ને ટનાટન બનાવવાના પ્રયાસો ઉપર ભાવનગર ડિવિઝન રેલવે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલી ભગતથી કરોડો રૂપિયા અને પાણી ફેરવી દેવામાં આવ્યું...





અમરેલી જિલ્લાના સાવરકુંડલાના જીરા રેલ્વે સ્ટેશન પર થોડા મહિના પહેલાં બનેલા પ્લેટફોર્મમાં નબળી ગુણવત્તાની કામગીરી ને લઈ સવાલો ઉઠ્યા સાવરકુંડલાના પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે આ અંગે અમરેલીના સાંસદ ભરત સુતરીયાને લેખિત રજૂઆત કરતાં સાંસદ જાતે જ સ્થળ પર પહોંચી પ્લેટફોર્મનું નિરીક્ષણ કર્યું હતું તપાસ દરમિયાન નબળી કામગીરી સામે આવતાં સંબંધિત અધિકારીઓને કડક કાર્યવાહી કરવા તેમજ જવાબદાર એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની સૂચના આપવામાં આવી છે....

સાવરકુંડલાના પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે જીરા રેલ્વે સ્ટેશનના નવા બનેલા પ્લેટફોર્મમાં નબળી ગુણવત્તાની કામગીરી અંગે ચાર દિવસ પહેલાં અમરેલીના સાંસદ ભરત સુતરીયાને પત્ર લખી રજૂઆત કરી હતી રજૂઆતને ગંભીરતાથી લઈ સાંસદ ભરત સુતરીયા જાતે જ જીરા રેલ્વે સ્ટેશન પહોંચ્યા હતા અને પ્લેટફોર્મનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું નિરીક્ષણ દરમિયાન નબળી કામગીરી થઈ હોવાનું નજર સમક્ષ આવતા સંબંધિત રેલવે અધિકારીઓ સાથે વાત કરી યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપી હતી પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે આક્ષેપ કર્યો છે કે પ્લેટફોર્મનું કામ નબળી ગુણવત્તાથી કરવામાં આવ્યું હોવા છતાં કોન્ટ્રાક્ટરને ચૂકવણી કરી દેવામાં આવી છે સાથે જ જવાબદાર અધિકારીઓએ આવી કામગીરી કેવી રીતે સ્વીકારી તે અંગે પણ ગંભીર સવાલો ઉઠાવ્યા છે.જીરા રેલ્વે સ્ટેશન ના પ્લેટફોર્મ નું કામ થોડા મહિના પહેલા કરવામાં આવેલ છે હાલમાં કામગીરી નબળી થઇ હોવાનું સાંસદ સુતરીયા એ વાત કરી હતી 6 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોમાં આ પ્લેટફોર્મનું કામ કરવામાં આવેલ છે પરંતુ પ્લેટફોર્મમાં થયેલી નબળી કામગીરી સાંસદની નજરે ચઢતાં સાંસદ ભરત સુતરીયાએ જવાબદાર કોન્ટ્રાક્ટર એજન્સી સામે કડક કાર્યવાહી કરવાની તેમજ એજન્સીને બ્લેકલિસ્ટ કરવા માટે પણ સંબંધિત અધિકારીઓને સૂચના આપી છે જે નબળું કામ થયું છે એને તોડી નવું કામ કરાવવા ની પણ સૂચના અધિકારી ને આપી છે. સાંસદ સુતરીયા એ કેન્દ્ર સરકાર અને મોદી સરકાર ગુજરાત અને દેશના ટનાટન રેલ્વે સ્ટેશનો બનાવવા માટે કરોડો રૂપિયાની ફાળવણી કરતી હોય અને અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરની બેદરકારી કારણે પ્રજાનો પૈસો વેડફાય છે તે ક્યારેય તે સ્વીકારી લેવામાં કે સહન કરવામાં નહીં આવે. કેન્દ્ર સરકાર રેલવેના વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે ત્યારે જીરા રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ મામલે સાંસદ ભરત સુતરીયાએ કડક વલણ અપનાવ્યું છે. હવે જવાબદાર એજન્સી અને સંબંધિત અધિકારીઓ સામે વાસ્તવમાં શું કાર્યવાહી થાય છે તે જોવાનું રહ્યું.